# રાજ્યમાં એક જ દિવસમાં સૌથી વધુ ૨૮ મૃત્યુ

## રાજ્યમાં કુલ કેસ ૫૪૨૮ : ગુજરાતમાં મૃત્યુઆંક ૨૯૦ : રાજ્યમાં સૌથી ચિંતાજનક સ્થિતિ અમદાવાદમાં : ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૩ મોત

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં કોરોના વાયરસ હવે રીતસરનો હાહાકાર મચાવી રહ્યો છે. રાજ્યમાં સૌથી વધુ સ્ફોટક અને બેકાબૂ સ્થિતિ અમદાવાદમાં બની રહી છે. અમદાવાદમાં આજે પણ કોરોનાના વધુ ૨૭૪ કેસો સામે આવતાં રાજ્યમાં અત્યાર સુધીમાં કોરોનાના ૫૪૨૮ પોઝિટિવ કેસ નોંધાઈ ચૂક્યા છે અને મૃત્યુઆંક ૨૯૦ને પાર થઈ ગયો છે. જેને લઈ રાજ્ય સરકાર, આરોગ્ય વિભાગ અને તંત્રના અધિકારીઓ દોડધામ કરી રહ્યા છે પરંતુ કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ બહારની બની રહી છે. રાજ્યમાં ગ્રીન ઝોન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાજસ્થાનના અજમેરથી બેટ દ્વારકા આવેલા એક મહિલા અને પુરૂષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તો સુરતમાં મગદલ્લામાં સાત વર્ષના બાળકનો નોંધાતા સુરત જિલ્લામાં કુલ ૬૮૬ કેસ પોઝિટિવ નોંધાઈ ચુક્યા છે. આ જ પ્રકારે વડોદરામાં આજે વધુ ૩૮ કેસો નોંધાતા કુલ કેસનો આંક ૪૦૦ નજીક પહોંચી ગયો હતો. જિલ્લાવાર જોઈએ તો, આજે અમદાવાદમાં ૨૭૪, ભાવનગર ૬, બોટાદ ૩, દાહોદ ૧, ગાંધીનગર ૩, ખેડા ૩, નવસારી ૨, પંચમહાલ ૧, પાટણ ૩, સુરત ૩૫, ઓલપાડમાં બે, તાપી ૧, વડોદરા ૪૫, વલસાડ ૧, મહીસાગર ૬ અને છોટાઉદેપુરમાં ૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૫૦૫૬ દર્દીઓ નોંધાયા છે. તે પૈકી ૩૬ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૩૮૬૦ દર્દીઓની હાલ સ્ટેબલ છે. ૮૯૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે અને ૨૬૨ દર્દીઓએ કોરોના સામેની જંગમાં જીવ ગુમાવ્યો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૦ દર્દીઓ, વડોદરામાં ૩, સુરતમાં ૨ અને આણંદમાં એક દર્દીનું મોત નીપજયા છે, જેનો લઈને રાજયભરમાં કોરોનાની દહેશત અને ભયનો ઓથાર પથરાયેલો જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણની વિગતો આપતા મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે સમગ્ર રાજ્યમાં હજુ બે અઠવાડિયા સુધી પાન, ગુટખા, બીડી-સીગરેટની વેચાણ કરતી દુકાનો અને લિકર શોપ ચાલુ કરી શકાશે નહીં. આ નિર્ણયને પગલે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં. રાજકોટ ઓરેન્જ ઝોનમાં હોવા છતાં લોકડાઉનનો કડક અમલ કરાશે. દરેક ઝોનમાં સાંજે ૭ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી ઘરમાં જ રહેવું પડશે. આ નિર્ણય અંતર્ગત ઓરેન્જ અને ગ્રીન ઝોન જાહેર થયેલા વિસ્તારોમાં હેરકટીંગ સલૂન, બ્યુટીપાર્લર અને ચા-કોફીની દુકાન-ટી સ્ટોલ ખુલ્લા રાખી શકાશે. ઓરેન્જ અને ગ્રીન ઝોન વિસ્તારોમાં કેબ અને ટેક્સી સેવાઓ ડ્રાઈવર વત્તા બે મુસાફરો સાથે ચાલુ કરી શકાશે. ગ્રીન ઝોન જાહેર થયેલા વિસ્તારોમાં એસ.ટી.ની બસો વધુમાં વધુ ૩૦ મુસાફરો સાથે ચાલુ થઈ શકશે તેમજ ગ્રીન ઝોન વિસ્તારો પૂરતા આંતર જિલ્લા અને જિલ્લાની આંતરિક બસ સેવાઓ શરુ થઈ શકશે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૮૧૭ | ૨૦૮ | ૫૩૩ |
| વડોદરા | ૩૫૦ | ૨૫ | ૧૪૬ |
| સુરત | ૬૮૬ | ૩૦ | ૧૫૬ |
| રાજકોટ | ૫૮ | ૦૧ | ૧૮ |
| ભાવનગર | ૫૩ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૪ | ૦૬ | ૩૪ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૧ |
| ગાંધીનગર | ૭૦ | ૦૩ | ૧૪ |
| પાટણ | ૨૨ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૩૮ | ૦૩ | ૦૫ |
| બનાસકાંઠા | ૩૬ | ૦૧ | ૧૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૧૦ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૩૨ | ૦૦ | ૦૭ |
| બોટાદ | ૩૦ | ૦૧ | ૦૩ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૭ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૦૯ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૩ |
| અરવલ્લી | ૨૦ | ૦૧ | ૦૮ |
| મહીસાગર | ૩૩ | ૦૦ | ૦૬ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૨ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૦ | ૦૦ |
| કુલ | ૫૪૨૮ | ૨૯૦ | ૧૦૪૨ |

# મહેસાણા જિલ્લામાં ૨૪ કલાકમાં નવા ૨૧ કેસ પોઝિટીવ આવતાં ફફડાટ

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં ગતરોજ સમી સાંજે મહેસાણામાં કોરોનાનો બોંબ ફૂટ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ. અત્યાર સુધીમાં મહેસાણામાં ૪૦ દિવસ દરમિયાન એક જ દિવસમાંથી જિલ્લામાં ૨૧ કોરોના પોજેટીવ આવતા તંત્ર હરકતમાં આવ્યું છે અને જિલ્લા કલેકટર સહીત આરોગ્ય અધિકારીના ફોન હાલમાં મૂંગા થયા છે, અચરજની વાત તો એ છે કે તમામ ૨૧ સભ્યોમાં મોટા ભાગના મહેસાણામાં મુસાફરી કરીને રહેવા મહેસાણા આવ્યા હતા અને ચોકવનારો ખુલાસો ત્યાં થયો છે કે કોઈપણ સીમટમ્સ કોરોનાના ન હોવા છતાં પણ મહેસાણા જિલ્લામાં ૨૧





દર્દીઓનો વધારો થયો છે જે જોતા આ આંકડો સરકારી તંત્રને હચમચાવી દેવા સમાન છે જયારે જ આ દર્દીઓના સંપર્કમાં આવેલા અન્ય વ્યક્તિઓના રીપોર્ટ આજે આવશે જેમાં ૨૫ વ્યક્તિઓનો સમાવેશ થવા જાય છે.

કોરોનાના કહેરના પગલે હાલમાં પત્રકાર, પોલીસ અને ડોક્ટર જ ખરા અર્થમાં પોતાની સેવા આપી રહ્યા છે અને તેમાં મહેસાણામાં ગતરોજ કોરોનાના બોંબ ફૂટવાથી આજે આ ત્રણે પાંખના કર્મચારીઓ હાલમાં કોરોનાની જપેટમાં આવી ગયા છે. મહેસાણા જિલ્લામાં ૩ રાઉન્ડના લોકડાઉનની આવતીકાલે શરૂવાત થશે તે પહેલા ગતરોજ સમી સાંજે મહેસાણા રેડ જોનમાં આવી ગયું છે. મહેસાણા જિલ્લામાં હવે બહુચરાજી તાલુકાને બાદ કરતા તમામ તાલુકા હાલમાં કોરોના પોજેટીવ દર્દીઓમાં આવી ગયા છે એક જ દિવસમાં કુલ ૨૧ કેસનો મહેસાણામાં આવતા હાલમાં તંત્ર હરકતમાં આવ્યું છે. આ બોંબ ફૂટતા મોટા ભાગના લોકો સીટી છોડી તાલુકો છોડી અને જિલ્લા છોડીને મહેસાણા આવ્યા હોવાનો ખુલાસો હાલમાં થયો છે. જે જોતા તંત્રની બેદરકારી સામે આવી છે. મહેસાણા જિલ્લાના જુદા જુદા તાલુકામાં કોરોનાનો કહેર બહાર આવતા હાલમાં તંત્રએ કાર્યવાહી શરુ કરી છે. આરોગ્યની ટીમ હાલમાં બફર જોનમાં જઈને રોજ તપાસણી કરી રહ્યા છે.

### મુંબઈથી પશુઓની ટ્રકમાં છૂપાઈને આવેલા પૈકી

# છાપીના મજાદરના યુવકને કોરોના પોઝિટીવ આવતા ખળભળાટ

બનાસકાંઠાને આરોગ્ય વિભાગે રેડઝોનમાં શુક્રવારે જાહેર કર્યા બાદ વડગામ તાલુકાના છાપી



નજીક આવેલા મજાદરના ૨૬ વર્ષીય યુવકને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા સમગ્ર વડગામ તાલુકામાં ખળભળાટ મચવા સાથે તાલુકામાં જીવલેણ કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો.

ગત શુક્રવારે ધારેવાડા ચેકપોસ્ટ ઉપર એક ભેંસો ભરેલ ટ્રકમાં ચાલક સહિત ૧૬ લોકો છૂપાઈને વડગામ સહિત જિલ્લાના અન્ય ગામો માં પ્રવેશ કરતા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. દરમિયાન આ તમામ ઉપર કાયદેસર કાર્યવાહી કરી હોમકોનર્ટાઈન કરવામાં આવ્યા હતા. જોકે વડગામ આરોગ્ય વિભાગ દ્વારા મજાદરના પિતા - પૂત્ર સહિત કુલ ત્રણ શખશોના ગુરુવારે સેમ્પલ લેવામાં આવ્યા હતા જેનો શુક્રવારે રિપોર્ટ આવતા પુત્રનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો જ્યારે પિતાનો રિપોર્ટ નેગેટિવ આવતા સમગ્ર વડગામ તાલુકામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાવવા સાથે ખળભળાટ મચી ગયો હતો. કોરોના પીઝિટિવના પગલે મજાદર સહિત પંથકમાં આરોગ્યની ૪૨ ટિમો કામે લાગી સર્વેની કામગીરી હાથ ધરી હતી જયારે કોરોના પોઝિટિવ ૨૬ વર્ષીય યુવકને પાલનપુર આઈશોલેશન વોર્ડમાં એમ્બ્યુલન્સ દ્વારા ખસેડવામાં આવ્યો હતો.

# બનાસકાંઠામાં એક સાથે ૭ કોરોના પોઝિટીવ કેસથી ફફડાટ

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે સાંજે એક સાથે વધુ સાત વ્યક્તિઓનો રિપોર્ટ પોઝિટિવ આવતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં પાલનપુર તાલુકાના વાસણી ગામે એક જ પરિવારના ૫ સભ્યો, ગઢ ગામે એક અને કાંકરેજ તાલુકાના વડા ગામના એક વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા ત્વરિત સર્વે હાથ ધરવાની તજવીજ સાથે પોઝિટિવ વ્યક્તિઓના સંપર્કમાં આવેલા વ્યક્તિઓને શોધવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરમિયાન જિલ્લામાં પોઝિટિવ કેસની સંખ્યા ૩૮ થવા પામી છે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું પાલનપુર તાલુકાના વાસણી ગામના યુવકનો અમદાવાદ ખાતે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ યુવક વાસણી ગામે તેના પરિવારજનોને અગાઉ મળી ગયો હોઈ બુધવારે આરોગ્ય વિભાગ દ્વારા ગામમાં સર્વે કરાયું હતું અને સેમ્પલ લઈ ચકાસણી અર્થે મોકલાયા હતા. જેમાં આ યુવકના પરિવારના બે મહિલાઓ સહિત ૫ સભ્યોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પાલનપુર તાલુકાના ગઢ ગામના ૬૩ વર્ષિય પુરુષ તેમજ કાંકરેજ તાલુકાના વડા ગામના યુવકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

## નિધન

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

માત્ર કોરોના દર્દીઓની સારવાર ચાલી રહી છે. એઈમ્સના સૂત્ર અનુસાર જસ્ટિસ ત્રિપાઠી બીમારીના કારણે ઘણા કમજોર થઈ ગયા હતા. તેમની તબિયત લથડતા તેમને આઈસીયુમાં લાવવામાં આવ્યા હતા. અહીં છેલ્લા ત્રણ દિવસથી તેઓ વેન્ટિલેટર પર હતા.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે તેમની શ્રદ્ધાંજલિ આપતા ટ્વીટ કરી છે. રવિશંકર પ્રસાદે કહ્યુ કે જસ્ટિસ અજય ત્રિપાઠીના નિધનથી તેમને આઘાત પહોંચ્યો છે. રવિશંકર પ્રસાદે કહ્યુ તેમણે પટનામાં તેમની સાથે વકાલત કરી હતી.

## શ્રદ્ધાંજલિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે તેમની બહાદુરી અને સંઘર્ષને ક્યારેય નહીં ભૂલી શકીશું. તેમણે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે એન્કાઉન્ટર દરમિયાન શહીદ થયેલા જવાનોને સલામ આપી છે. જનરલ રાવતે કહ્યું હતું કે હંદવાડામાં કરવામાં આવેલી કામગીરીથી લોકોના જીવ બચાવવા સુરક્ષા દળોની કટિબદ્ધતા દર્શાવે છે. જનરલ રાવતે કહ્યું, સશસ્ત્ર દળોને તેમની બહાદુરી પર ગર્વ છે, તેઓએ આતંકવાદીઓને સફળતાપૂર્વક ખતમ કરી દીધા છે. અમે તે બહાદુર સૈનિકોને સલામ કરીએ છીએ અને તેમના પરિવારો પ્રત્યે ગહન શોક વ્યક્ત કરીએ છીએ. હંદવારામાં એક મકાનમાં છુપાયેલા આતંકીઓ ફાયરિંગ કરી રહ્યા હતા. બાતમીના આધારે સુરક્ષા દળોએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર કર્નલ આશુતોષ શર્મા આ કામગીરીનું નેતૃત્વ કરી રહ્યા હતા. તેમની સાથે આરઆરના મેજર અનુજ સૂદ, નાયક રાજેશ અને લાન્સ નાઈક દિનેશ પણ હતા. જમ્મુ-કાશ્મીર પોલીસના સબ ઈન્સપેક્ટર શકીલ કાઝી પણ તેમની સાથે હતા. કર્નલ શર્માની આખી ટીમે આતંકવાદીઓ છુપાયેલા હતા તે ઘરમાં પ્રવેશ કર્યો. એક પછી એક બંધક લીધેલા તમામ બંધકોને બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

## અવિરત વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોઝિટિવ કેસ સામે આવ્યા છે અને સંક્રમણના કારમે ૮૩ લોકોના મોત થયાં છે. આ એક દિવસમાં સામે આવનાર કેસોમાંનો સૌથી વધુ આંકડો છે. ભારતમાં કોરોના સંક્રમણના મામલે મહારાષ્ટ્ર અને ગુજરાત સૌથી આગળ છે. મહારાષ્ટ્રમાં આ મહામારીથી પીડિતોની સંખ્યા ૧૧૦૫૬ છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના સૌથી વધુ ૪૮૫ લોકોના મોત થયાં છે. ગુજરાતમાં કોરોના સંક્રમણના ૪૭૨૧ મામલા સામે આવ્યા છે અને ૨૩૬ લોકોના મોત થયાં છે. જે બાદ દિલ્હીમાં ૩૭૩૮, મધ્ય પ્રદેશમાં ૨૭૧૯, રાજસ્થાનમાં ૨૬૬૬ અને તમિલનાડુમાં ૨૫૨૬ મામલા સામે આવ્યા છે. દિલ્હીમાં સીઆરપીએફના વડમથક પર એક ડ્રાઈવરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ આ કાર્યાલયને સીલ કરવામાં આવ્યુ છે. અહીં ૪૦ અધિકારીને હોમ ક્વોરન્ટિન થવા માટે કહેવામાં આવ્યું છે. આ પૈકી એક સ્પેશ્યલ ડાયરેક્ટર જનરલ રેન્જના અધિકારી તથા ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલનો સમાવેશ થાય છે.

બીજી બાજુ કોરોનાની તપાસમાં વધારે ગતિ આવી છે. ઈ્ઁ-ઝઈ કિટથીથી દરરોજ આશરે ૭૦ ટેસ્ટ કરવામાં આવે છે. શનિવાર સાંજ સુધીમાં ટેસ્ટનો આંકડો ૧૦ લાખને પાર થઈ ગયો છે. તેમા ૭૩ હજાર ૭૦૯ શુક્રવાર સવારે ૯ વાગ્યા બાદ કરવામાં આવ્યા. ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (ૈંઝઈ)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે ૩૧ માર્ચ સુધીમાં ૪૭ હજાર ૮૫૨ સેમ્પલની તપાસ કરવામાં આવી હતી. ૩૦ એપ્રિલ સુધીમાં આ સંખ્યા ૯ લાખ ૨ હજાર ૬૫૪ થઈ ગઈ છે. ૧ મેથી ૩ મેના સાંજ સુધીમાં આ આંકડો ૧ લાખ ૩૭ હજાર ૩૪૬ પહોંચી ગઈ છે.ઈ્ઁ-ઝઈ કિટમાં કોરોનાની તપાસ સ્વાબથી કરવામાં આવે છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૯ હજાર ૮૭૮ થઈ ગઈ છે. શનિવારે ૨૪૩૭ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. મહારાષ્ટ્રમાં ૭૯૦, દિલ્હીમાં ૩૮૪, ગુજરાતમાં ૩૩૩, ઉત્તર પ્રદેશમાં ૧૫૯, પંતાબમાં ૧૮૭, રાજસ્થાનમાં ૧૦૬, મધ્ય પ્રદેશમાં ૭૩ દર્દી વધ્યા. તેના એક દિવસ અગાઉ દેશમાં સંક્રમણના ૨૪૧૧ કેસ સામે આવ્યા હતા. આ આંકડા ર્ષ્ઠદૃૈઙ્ઘ૧૯ૈહઙ્ઘૈટ્ઠ.ખ્તિ અને રાજ્ય સરકારો પાસેથી મળેલી માહિતી પ્રમાણે છે. આ ઉપરાંત કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં ૩૭ હજાર ૭૭૬ કોરોના સંક્રમિત છે. ૨૬ હજાર ૫૩૫ દર્દીનો ઈલાજ ચાલી રહ્યો છે. ૧૦ હજાર ૧૮ લોકોને સારું થઈ ગયું છે અને ૧૨૨૩ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૦૬૧ લોકોને હોસ્પિટલમાંથી રજા મળી છે. રિકવરી રેટ વધીને ૨૬.૬૫ ટકા થયો છે

## અથડામણમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હંદવારાના ચાંદમૂલ્લા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ શનિવારે મોડી રાત્રે સંયુક્ત કાર્યવાહી કરી હતી. આર્મી રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસના જવાનો આમાં સામેલ હતા. કર્નલ આશુતોષ શર્મા ૨૧ રાષ્ટ્રીય રાઈફલ્સના કમાન્ડિંગ ઓફિસર હતા, જે હંદવારા એન્કાઉન્ટરમાં આતંકવાદીઓની હત્યા સાથે શહીદ થયા હતા. કર્નલ શર્માને બે વાર બહાદુર ચંદ્રકોથી નવાજવામાં આવ્યા હતા. આતંકવાદ વિરોધી કામગીરીમાં તેમની નિપુણતા હતી. કર્નલ શર્મા, ગાર્ડ્સ રેજિમેન્ટમાંથી આવતા, કાશ્મીર ખીણમાં લાંબા સમયથી રોકાયેલા હતા. કમાન્ડિંગ ઓફિસર તરીકે, કર્નલ શર્માએ તેની બહાદુરી માટે આર્મી મેડલ મેળવ્યો. શનિવારે સાંજે ઘેરો હેઠળ તૈનાત ટીમે કર્નલ આશુતોષની ટીમનો સંપર્ક સાધવાની ઈચ્છા કરી હતી, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહીં. તોપમારામાં રેડિયો સેટને પણ નુકસાન થયું હતું. અંધારું થઈ ગયું હતું અને ભારે વરસાદ પડી રહ્યો હતો. જ્યારે કોઈ સંપર્ક થયો ન હતો ત્યારે બહારની ટીમે કર્નલ આશુતોષના મોબાઈલ પર ફોન કર્યો હતો. જેને આતંકવાદીએ પકડી લીધો હતો અને ફોન ઉપાડ્યો હતો અને કહ્યું હતું - સલામ વાલેકુમ. થોડા સમય પછી, મારો ફરીથી ફોન આવ્યો, છતાં આતંકવાદીએ ફોન ઉપાડ્યો અને સલામ વાલેકુમે કહ્યું.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

પહેલા નબળા અર્થતંત્ર અને અન્ય નિતિઓ અંગે સરકાર વિરૂધ્ધ ભારે અસંતોષ હતો. રોગચાળાએ પ્રદર્શન કારીઓને ઘરભેગા થવા તો મજબુર કર્યા છે. હવે સરકાર ખરાબ આર્થીક નિતિઓ સહિતની તમામ આર્થીક અને સામાજીક મુશ્કેલીઓ માટે કોરોનાને જવાબદાર ઠેરવી શકશે ખરી? આ સ્થીતિમાં બીજા ખરાબ પરિણામ પણ આવવાની શકયતાઓ રહેલી છે. લોકોની મુશ્કેલીઓ વધતા સરકાર વિરૂધ્ધ જનતાનો ગુસ્સો સામે આવશે. લોકોની આઝાદીના મુખ્ય કાયદાને હોંશીયામાં ધકેલી સરકાર કેટલા દિવસ રોગચાળાના નામે ઈમરજન્સી કાયદાનો અમલ કરાવી શકશે તે નક્કિ નથી. રોગચાળાનો લાભ લઈ અનેક શાસકોએ અધિકારો મેળવ્યા છે.

ઘરમાં રહો, સુરક્ષિત રહો — આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

પોતાના જીવની કે કુટુંબની પરવા કર્યા વિના કામ કરતા



કોરોના વોરિયર્સને ચિત્ર, નિબંધ અને કાવ્ય દ્વારા વધાવીએ



૬૦મા ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે "ગુજરાતના કોરોના વોરિયર્સ" વિષય પર વિવિધ સ્પર્ધાઓ યોજાશે જેમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીનું આહ્વાન

"ગુજરાતના કોરોના વોરિયર્સ" વિષય ઉપર પ્રાથમિક શાળાના ધો.૩ થી ૮, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો. ૯ થી ૧૨ તેમજ કોલેજ કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ માટે ચિત્ર, નિબંધ અને કાવ્ય લેખન સ્પર્ધા

કાવ્ય અને નિબંધ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખવાનો રહેશે

લોકડાઉનના સંજોગો હોઈ ડ્રોઈંગ પેપર ઉપલબ્ધ ન હોય તો પોતાના ઘરમાં ઉપલબ્ધ સારા કાગળમાં ચિત્ર દોરવાનું રહેશે અને કોઈપણ કલરનો ઉપયોગ કરી શકાશે

દરેક સ્પર્ધક મૌલિક રીતે પોતાની કૃતિ તૈયાર કરે તે અપેક્ષિત અને ઈચ્છનિય છે

તૈયાર કરેલ કૃતિ તા.૧૦/૫/૨૦૨૦ સુધી ઈમેઈલ અથવા ટપાલથી મોકલી શકશે

શાળાના વિદ્યાર્થી સ્પર્ધકો તેમની કૃતિ ઈમેઈલથી મોકલવા ઈચ્છતા હોય તો gujaratgauravdin.____________@gmail.com ઉપર મોકલી શકશે. ઈમેઈલ આઈડીમાં જ્યાં ખાલી જગ્યા દર્શાવેલ છે ત્યાં તેઓએ પોતાના જે-તે જિલ્લાનું નામ લખવું દા.ત. મહેસાણાનો વિદ્યાર્થી પોતાની કૃતિ મોકલે તો gujaratgauravdin.mahesana@gmail.com પર મોકલવાની રહેશે
કૃતિ ટપાલથી મોકલવા ઈચ્છતા હોય તો જે-તે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સરનામે મોકલવી

કોલેજના વિદ્યાર્થિઓ આ માટે જરૂરી માહિતી જે-તે યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મેળવી શકશે અને તેમાં ભાગ લઈ શકશે તેમજ વધુ માહિતી માટે જે-તે યુનિવર્સિટીના રજીસ્ટ્રારનો સંપર્ક કરવાનો રહેશે

વિદ્યાર્થી વધુમાં વધુ ૨ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. દરેક કૃતિ ઉપર સ્પર્ધકનું નામ, ધોરણ, શાળાનું નામ, વિભાગઃ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો ડાયસ કોડ, વાલીનું ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબર પણ લખવાનો રહેશે

જિલ્લાકક્ષાએ દરેક સ્પર્ધા અને વિભાગમાં પ્રથમ ક્રમે રૂ.૧૫,૦૦૦, દ્વિતિય ક્રમે રૂ.૧૧,૦૦૦ અને તૃતિય ક્રમે રૂ.૫૦૦૦નો રોકડ પુરસ્કાર તથા રાજ્યકક્ષાએ પાંચ વિજેતાઓને દરેક કેટેગરીમાં રૂ.૨૫,૦૦૦નો પુરસ્કાર રાજ્ય સરકાર તરફથી અપાશે

ગુજરાતના વિદ્યાર્થીઓ લોકડાઉનમાં ઘરે બેસીને ચિત્ર-નિબંધ-કાવ્ય સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી કરે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય